# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

**************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે પુણેમાં ગૃહ મંત્રાલયની પશ્ચિમ ક્ષેત્રીય પરિષદની 27મી બેઠકની અધ્યક્ષતા કરશે.

2) ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે મહારાષ્ટ્રના છત્રપતિસંભાજીનગરની એક દિવસની મુલાકાતે.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે.

4) પ્રયાગરાજમાંચાલી રહેલા મહાકુંભમાં અત્યાર સુધીમાં 69 કરોડ 31 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કર્યું.

5) WTT ફીડર્સ કેપ્પાડોસિયા ટેબલ ટેનિસ સ્પર્ધામાં, ભારતના આકાશ પાલ અને પોયમંતી બૈસ્યાએ મિક્સ ડબલ્સમાં રજત ચંદ્રક જીત્યો

........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# AMIT SHAH PUNE

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે પુણેમાં ગૃહ મંત્રાલયની પશ્ચિમ ક્ષેત્રીય પરિષદની 27મી બેઠકની અધ્યક્ષતા કરશે.

આ પરિષદમાં મહારાષ્ટ્ર, ગુજરાત અને ગોવા રાજ્યોના મુખ્યમંત્રીઓ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના કેન્દ્રશાસિત પ્રદેશોના વરિષ્ઠ મંત્રીઓ, વહીવટકર્તાઓ અને વરિષ્ઠ વહીવટી અધિકારીઓ ભાગ લેશે.

ગૃહમંત્રી જનતા સહકારી બેંકના પ્લેટિનમ જ્યુબિલી વર્ષના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે અને પુણે જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજનાના બીજા તબક્કાના લાભાર્થીઓને સ્વીકૃતિ પત્રોનું વિતરણ પણ કરશે. આ પ્રસંગે, રાજ્યના 10 લાખ લાભાર્થીઓને આ યોજનાનો પ્રથમ હપ્તો પણ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને અજિત પવાર સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

# VICE PREZ-SUSTAINABLE DEVELOPMENT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું છે કે ટકાઉ વિકાસ હવે માત્ર એક વિકલ્પ નથી પણ એકમાત્ર રસ્તો છે. શ્રી ધનખડ ગઈકાલે નવી દિલ્હીમાં 21મા આફ્રો-એશિયન ગ્રામીણ વિકાસ સંગઠન પરિષદના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કરી રહ્યા હતા. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ગ્રામીણ વિસ્તારોની મદદથી ટકાઉ વિકાસનો પાયો રાખી શકાય છે. તેમણે કહ્યું કે ગ્લોબલ સાઉથને વૈશ્વિક પ્લેટફોર્મ પર લાવવો તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશી વિચારસરણી હતી.

ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે મિકેનિકલ ઇન્ટેલિજન્સ, ઇન્ટરનેટ ઓફ થિંગ્સ, મશીન લર્નિંગ અને બ્લોકચેન જેવી મુખ્ય તકનીકોનો ઉદભવ મુશ્કેલ પડકારો રજૂ કરી રહ્યો

# VP-CHHATRAPATI SAMBHAJINAGAR

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરની એક દિવસની મુલાકાતે જશે. તેઓ છત્રપતિ સંભાજીનગરમાં બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકર મરાઠવાડા યુનિવર્સિટીના 65મા દીક્ષાંત સમારોહની અધ્યક્ષતા કરશે. શ્રી ધનખર સરસ્વતી ભુવન કોલેજ ખાતે બંધારણ જાગૃતિ વર્ષ અને અમૃત મહોત્સવનું ઉદ્ઘાટન પણ કરશે.

# KRISHI VIGYAN MELA

પુસા કૃષિ વિજ્ઞાન મેળો 2025નો આજે નવી દિલ્હીમાં આરંભ થશે. કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ આ મેળાનું ઉદ્ઘાટન કરશે.

ત્રણ દિવસીય મેળાની વિષય વસ્તુ છે આધુનિક કૃષિ-વિકસિત ભારત. કૃષિ વિજ્ઞાન મેળાનું મુખ્ય આકર્ષણ ભારતીય કૃષિ સંશોધન સંસ્થા દ્વારા વિકસાવવામાં આવેલી નવી જાતો અને ટેકનોલોજીનું જીવંત પ્રદર્શન છે. આ ઉપરાંત, ભારતીય કૃષિ સંશોધન સંસ્થા, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, ખેડૂત ઉત્પાદક સંગઠનો, ઉદ્યોગસાહસિકો અને સ્ટાર્ટ-અપ્સની આશાસ્પદ ટેકનોલોજીઓ, ઉત્પાદનો અને સેવાઓ પર પ્રદર્શનો પણ યોજવામાં આવશે.

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનો 119મો એપિસોડ હશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝોનએર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# MAHAKUMBH - PROMINENT DEVOTEES

મ્યુઝિક – ઓપનિંગ

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં અત્યાર સુધીમાં 69 કરોડ 31 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કર્યું છે. દરરોજ વિશ્વભરમાંથી લાખો ભક્તો આ દિવ્ય ઉત્સવમાં પહોંચી રહ્યા છે અને શ્રદ્ધાની ડૂબકી લગાવી રહ્યા છે. ગઈકાલે દેશના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સહિત લગભગ 1 કરોડ 28 લાખ ભક્તોએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી હતી.

અમારા સંવાદદાતાનો એક અહેવાલ સાંભળીએ

## (બાઇટ – અભિષેક)

# US-TRUMP ORDER BLOCKED

અમેરિકામાં એક ફેડરલ અદાલતે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વિવિધતા, સમાનતા અને સમાવેશ કાર્યક્રમો માટે સરકારી સહાયમાં કાપ મૂકવાના આદેશ પર રોક લગાવી છે.

બાલ્ટીમોરમાં ન્યાયાધીશ એડમ એબેલસને પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે આ આદેશ અભિવ્યક્તિની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે અને સુનાવણી ચાલુ રહે ત્યાં સુધી તેને રોકી રાખવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રપતિ તરીકેના તેમના પહેલા દિવસે જ આ આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા.

# TABLE TENNIS- CAPPADOCIA

તુર્કીમાં WTT ફીડર્સ કેપ્પાડોસિયા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં, ભારતના આકાશ પાલ અને પોયમંતી બૈસ્યાએ મિક્સ ડબલ્સમાં રજત ચંદ્રક જીત્યો છે. ગઈકાલે ફાઇનલમાં, આકાશ અને પોયમંતીની જોડીનો ટોચના ક્રમાંકિત ચીની જોડી ઝુ ફેઈ અને હાન ફીઅર સામે 7-11, 11-5, 11-6, 11-8 થી પરાજય થયો હતો.

અગાઉ સેમિફાઇનલમાં, બીજા ક્રમાંકિત આકાશ અને પોયમંથીએ દક્ષિણ કોરિયાના ચો સેઉંગમિન અને યૂ સિવુને 11-9, 11-8, 7-11, 11-7 થી પરાજય આપ્યો હતો.

# CRICKET - ICC-CHAMPIONS TROPHY

ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં આજે પાકિસ્તાનના લાહોરમાં ઓસ્ટ્રેલિયાનો મુકાબલો ઇંગ્લેન્ડ સામે થશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે અઢી વાગ્યે શરૂ થશે.

ગઈકાલે ટુર્નામેન્ટમાં, દક્ષિણ આફ્રિકાએ અફઘાનિસ્તાનને 107 રનથી હરાવીને પોતાના અભિયાનની શરૂઆત કરી હતી. પ્રથમ બેટિંગ કરતા, દક્ષિણ આફ્રિકાએ નિર્ધારિત 50 ઓવરમાં 6 વિકેટે 315 રન બનાવ્યા. રાયન રિકેલ્ટને 103 બનાવ્યા હતા.

લક્ષ્યાંકનો પીછો કરતાં અફઘાનિસ્તાનની ટીમ 43 ઓવર અને ત્રણ બોલમાં માત્ર 208 રન જ બનાવી શકી. દક્ષિણ આફ્રિકા તરફથી કાગીસો રબાડાએ ત્રણ વિકેટ લીધી, જ્યારે લુંગી એંગિડી અને વિઆન મુલ્ડરે બે-બે વિકેટ લીધી. રિકેલ્ટનને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

# IMD-WEATHER

હવામાન વિભાગે આવતીકાલ સુધી પૂર્વ ભારતમાં વાવાઝોડા, વીજળી અને કરા સાથે છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે. આજે પશ્ચિમ બંગાળના ગંગા વિસ્તાર, ઝારખંડ અને ઓડિશામાં છૂટાછવાયા સ્થળોએ કરા પડી શકે છે. 24 ફેબ્રુઆરીની રાતથી ઉત્તર પશ્ચિમ ભારતમાં પશ્ચિમી વિક્ષેપની પણ આગાહી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે, આગામી બે દિવસ સુધી હિમાચલ પ્રદેશના જમ્મુ-કાશ્મીર-લદ્દાખ-ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદમાં ગાજવીજ સાથે હળવો વરસાદ અથવા હિમવર્ષા થવાની સંભાવના છે.

હવામાન વિભાગે 24 ફેબ્રુઆરી સુધી રાત્રિ અને સવારના સમયે હિમાચલ પ્રદેશ અને ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમના છૂટાછવાયા ભાગોમાં ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. આગામી 4 દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારતમાં મહત્તમ તાપમાન બે થી ચાર ડિગ્રી સેલ્સિયસ વધવાની ધારણા છે.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- અમેરિકાના ચૂંટણી ફંડ અંગેના સમાચારને આજે મોટા ભાગના તમામ અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે. નવગુજરાત સમય લખે છે **USAID** વિવાદ ચિંતાજનક, કેન્દ્ર સરકાર તપાસ કરશે.
- દિવ્ય ભાસ્કરે વિદેશ મંત્રાલયના નિવેદનને ટાંકતા લખ્યું કે ફંડિંગ ગંભીર ચિંતાનો વિષય, એજન્સીઓ તપાસમાં લાગી છે.
- ફૂલછાબ હેડલાઇન બનાવતા લખ્યું કે, ભારતની ચૂંટણીમાં અમેરિકી દખલની તપાસ શરૂ
- ગુજરાત સમાચારે લખ્યું કે અમેરિકા તરફથી મળતું વોટર ટર્નઆઉટ ફંડ' 2022માં બાઈડેન સરકારે ભારત નહીં પણ બાંગ્લાદેશ માટે મંજૂર કર્યું હોવાનો ઘટસ્ફોટ
- ઈઝરાયેલમાં બોમ્બ વિસ્ફોટના સમાચારને પ્રથમ પાને સ્થાન આપતા ગુજરાત સમાચારે લખ્યું, ઈઝરાયેલમાં ત્રણ બસમાં બોમ્બ વિસ્ફોટ, બેમાંથી બોમ્બ મળ્યા
- પ્રાદેશિક સમાચારોમાં ભૂજ-મુંદ્રા રોડ પર થયેલા અકસ્માતના સમાચાર મોટા ભાગના તમામ અખબારોમાં જોવા મળે છે.
- સંદેશ લખે છે, ભૂજ-મુંદ્રા હાઇવે પર કેરા પાસે ટ્રિપલ અકસ્માતમાં પાંચના મોત
- દિવ્ય ભાસ્કરે છેલ્લા પાને લખ્યું કે, ભૂજ મુંદ્રા રોડ પર લકઝરી બસ, કન્ટેનર સામસામે અથડાયા, 6ના મોત